## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



લોકડાઉન દરમિયાન એ વાત ખબર પડી કે... આપણી કામવાળી કાંતાની કેડ કેમ પાતળી છે અને તારી કેમ જાડી છે...

# જિલ્લામાં જન જીવનની સુવિધા - આવશ્યક સેવા માટે ૧૦ હજારને પાસ ઈસ્યુ કરાયા

### ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭,૭૪૬ અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૨૮૩ પાસ ઇસ્યુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં લોકડાઊન સમય દરમ્યાન સામાન્ય જન જીવનની સુવિધા સતત ચાલું રહે અને આવશ્યક સેવાઓ માટે ૧૦,૦૨૯ જેટલા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે, તેવું ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં તા. ૨૪મી માર્ચ, ૨૦૨૦ થી લોક ડાઉનની અમલવારી સુચારું રીતે કરવામાં આવી હતી. લોક ડાઉનના સમય દરમ્યાન જિલ્લાના સર્વે નાગરિકોનું સામાન્ય જન જીવન ધબકતું રહે એટલે કે તેમને જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ સતત મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્રએ સુવ્યસ્થિત આયોજન કર્યુ હતું. આવી જન જીવનની સુવિધાઓની આવશ્યક સેવાઓ માટે પાસ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કુલ – ૧૦,૦૨૯ પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭,૭૪૬ આ પ્રકારના પાસ આપવામાં આવ્યા છે. જન જીવનની સુવિધાઓની આવશ્યક સેવાઓ માટે આપવામાં આવેલા પાસમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૨૮૩ પાસ, ગાંધીનગર તાલુકામાં ૩,૧૮૧ પાસ, દહેગામ તાલુકામાં ૧,૩૪૯, કલોલ તાલુકામાં ૨,૩૮૦ અને માણસા તાલુકામાં ૮૩૬ પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત સરકારે આજે બે અધિકારીઓની બદલી કરી છે. આદિજાતિ કમિશનર તરીકે ફરજો બજાવતા ડી. રાણાને અમદાવાદમાં નાયબ મ્યુનિ. કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે આર.એસ. નિનામાને તેમની જગ્યા સાથે આદિજાતિ કમિશનરનો ચાર્જ સોંપ્યો છે.
- ગાંધીનગરમાં સ્ટડી ડ્રોપ હોમ સાહિત્યના ૪ સપ્તાહ પુરા થયા છે. જેમાં ૪૧૦૦ શિક્ષકોએ તેમને મળેલા સાહિત્યને ૫૫,૩૩૬ વાલીઓ સુધી પહોંચાડ્યુ છે એટલુ જ નહિ પણ આ સાહિત્યનું જિલ્લાના ૬૫,૯૨૧ બાળકોએ કર્યુ છે.
- લોકડાઉનના આ સમયગાળા દરમ્યાન જિલ્લાના ૨૬ જેટલા પ્રા. શાળાના શિક્ષકો દ્વારા જુદા જુદા વિષયોને પસંદ કરી અને ગ્રંથાલય જ્ઞાન સંગ્રહ યાદીમાં તે જમા કરાવ્યા છે.
- ગાંધીનગર સે. ૮ના શોપીંગ સેન્ટરમાં વેપારીઓ દ્વારા જ હેન્ડવોશની ગ્રાહકો માટે ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા હાથ ધરાયેલ સેક્ટરોની આંતરિક સફાઈ અભિયાનથી લોકોએ રાહત અનુભવી છે.
- રાજ્યના વિકાસ કમિશનરે આજે ગ્રામીણ વિસ્તારમાં લોકોની સુખાકારી માટે લેવાયેલા પગલાંઓની સમીક્ષા માટે ખાસ વિડીયો કોન્ફરન્સ કરી હતી.

## મહિલા બટાલિયન દ્વારા આલમપુર અને લેકાવાડા ગામ ખાતે સિવિક એક્શન કાર્યક્રમ યોજાયો

વર્ષ- ૧૯૯૫માં ગાંધીનગરના સી.આર.પી.એફ. માં ૧૩૫ (મહિલા) બટાલિયનની સ્થાપના કરવામાં આવી હતી. આ ૧૩૫ મહિલા બટાલિયન દ્વારા કોવિડ-૧૯ નું સંક્રમણ અટકાવા અને તેનાથી બચવા માટેના ઉપાયોની જાગૃત્તિ માટેના સિવિક એક્શન કાર્યક્રમનું આયોજન અલામપુર ગામ અને લેકાવાડા ગામમાં કરવામાં આવ્યું હતું.





આ અંગેની માહિતી આપતાં ૧૩૫ મહિલા બટાલિયનના કમાડેન્ટ શ્રીમતી મમતાસિંહએ જણાવ્યું છે કે, અમારી બટાલિયન દ્વારા લેકાવાડા ગામમાં તા. ૨૨મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ સિવિક એક્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત બી.પી.એલ પરિવાર અને અન્ય ગ્રામજનોને કોવિડ-૧૯ થી બચવા માટે સોશ્યિલ ડિસ્ટીન્સીંગ કેમ રાખવું, પોતાના ધરમાં કેમ રહેવું તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ ૧૮૦ ગરીબ પરિવાર તથા જરૂરિયાત મંદ પરિવારોને કોવિડ-૧૯ ની સુરક્ષા માટેના માસ્ક, હેન્ડ વોશની બોટલ, સાબુ, સેનિટાઈઝર, હાથ મોજા, કપડા ધોવાના સાબુ – પાઉડર નું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

૧૩૫ (મહિલા) બટાલિયન દ્વારા સોડિયમ હાઈપોકલોરાઈડ સ્પ્રે મશિન – ૧ તથા સોડિયમ હાઈપોકલોરાઈડ ૫૦ લિટર ગામના પ્રથમ નાગરિક એવા સરપંચને આપવામાં આવ્યું હતું. તેમજ બટાલિયન દ્વારા સોડિયમ હોઈપોકલોરાઈડનું મિશ્રણ કેમ તૈયાર કરવું અને તેનો છંટકાવ કેવી રીતે કરવો તેનું નિર્દશન કરવામાં આવ્યું હતું. તેમજ ફૂડ પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

લેકાવાડા ગામમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન ૧૩૫ (મહિલા) બટાલિયનના ઉપ કમાડેન્ટ શ્રી શિવ મહેન્દ્રસિંહે કર્યું હતું.

આ બંન્ને ગામમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે આલમપુર ગામના સરપંચ શ્રીમતી પારસબેન અમરસિંહ વાઘેલા અને ગામના અગ્રણીઓના સહયોગ મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ૧૩૫ (મહિલા) બટાલિયને દેશના અનેક સંવેદનશીલ સ્થાનો પર તેમની સેવાઓ આપી છે. હાલમાં ૧૩૫ (મહિલા) બટાલિયનની એક કંપની અમદાવાદના કોરોના વાયરસ પ્રભાવિત અતિ સંવેદનશીલ દરિયાપુર તથા જમાલપુર વિસ્તારમાં ફરજ બજાવે છે.

### ગાંધીનગર જિલ્લાની આદર્શ નિવાસી શાળા, સરકારી-ગ્રા.ઇ.એ.

## છાત્રાલયો અને આશ્રમશાળામાં રહીને અભ્યાસ કરતાં ૧૬૫૬ છાત્રોને ૨૫ લાખ જેટલી સહાય DBT મારફતે ચુકવાઈ

ગાંધીનગર જિલ્લાની ૨-આદર્શ નિવાસી શાળા, ૨-સરકારી છાત્રાલયો, ૩૦- ગ્રા.ઈ.એ છાત્રાલયો, ૫-ગ્રા.ઈ.એ. આશ્રમ શાળાઓમાં રહીને અભ્યાસ કરતા કરતા ૧૬૫૬ વિધાર્થીઓને રૂપિયા ૨૪.૮૪ લાખની સહાય વિધાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે ચુકવવામાં આવી છે, તેવું અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના નાયબ નિયામક નયના શ્રીમાળીએ જણાવ્યું છે.

અ.જા.ક., ગાંધીનગરના નાયબ નિયામક શ્રી નયના શ્રીમાળીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના લોક ડાઉનનું અમલીકરણ કરવામાં આવ્યું હતું. લોક ડાઉનના પરિણામે ગાંધીનગર જિલ્લાની આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલયો અને ગ્રા.ઈ.એ. છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં રહીને અભ્યાસ કરતાં વિધાર્થીઓને ધરે જવાની છૂટ આપવામાં આવી હતી.

રાજયના મુખ્ય મંત્રીશ્રી દ્વારા આવી વિષમ પરિસ્થિતિમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુ.જાતિ કલ્યાણ હસ્તકની તમામ જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચાલતી ધોરણ-૧ થી ૮ ની અનુદાનિત પ્રાથમિક શાળાના વિધાર્થીઓ, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના વિધાર્થીઓ, સરકારી છાત્રાલયોના વિધાર્થીઓ અને આદર્શ નિવાસી શાળાઓના ધોરણ-૧૦ અને ૧૨ સિવાયના વિધાર્થીઓને એપ્રિલ-૨૦૨૦ માટે માસિક ૧૫૦૦/- વિધાર્થીઓને બેંક એકાઉન્ટ અથવા વાલીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવા માટે જાહેરાત કરાવમાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં આવેલી ૨ આદર્શ નિવાસી શાળાઓના ૧૮૯ વિધાર્થીઓને ૨,૮૩,૫૦૦ સહાય, ૨ સરકારી છાત્રાલયોના ૨૦૬ વિધાર્થીઓને ૩,૦૯,૦૦૦ની સહાય, ૫ ગ્રા.ઈ.એ આશ્રમ શાળાઓના ૫૩૦ વિધાર્થીઓને ૭,૯૫,૦૦૦/- જયારે ૧૮ શહેરી અને ૧૨ ગ્રામ્ય મળી ૩૦ ગ્રા.ઈ.એ. છાત્રાલયોના ૭૩૧ વિધાર્થીઓને ૧૦,૯૬,૫૦૦/- મળી કુલ ૧૬૫૬ છાત્રોને ૨૪,૮૪,૦૦૦/- સહાય છાત્રોના બેંક ખાતામાં DBT મારફતે ચુકવવામાં આવી છે.





### ગાંધીનગર મનપા દ્વારા નગરના ૧૦ સ્થળાએ હેન્ડ વોશ માટેની સુવિધા ઉભી કરાઇ

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે સતત કાર્યરત તંત્ર દ્વારા હવે, એક નવીન સુવિધા નગરજનો માટે કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગરના સેકટર-૨૨, સેકટર-૭ અને સેકટર- ૮ જેવી ૧૦ સ્થળોએ વધુ નગરજનોની આવન જવાન રહેતી હોય તેવા વિસ્તારમાં પાણીના મોટા માટલા ભરીને મુકવામાં આવ્યા છે. તેમજ બાજુમાં એક હેન્ડ વોશની બોટલ મુકવામાં આવી છે. આ ટેબ્લ, માટલા એ કોઈ સમારંભમાં ભોજન બાદ હાથ ધોવા માટે વપરાતા વાસણો હોવાથી સૌ નગરજનો કુતુહૂલતાથી તેને જોઈ રહે છે. ત્યાર બાદ બાજુમાં પડેલી હેન્ડ વોશની બોટલ જોઈને તેનો ઉપયોગ કરવો હિતાવહ છે. આ વાત નગરજનોમાં સૌથી વધુ ધ્યાનકર્ષિત બની છે.





### ગેઝીયા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ૮૦૦થી વધારે રાશન કીટ અપાઈ

સમગ્ર દેશ કોરોના વાયરસની મહામારીથી ઝઝૂમી રહ્યો છે, ત્યારે આ લોકડાઉનમાં જરૂરિયાત મંદોને ભોજન મળી રહે તે આશયથી ગાંધીનગર ઈલેકટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ગેઝીયા) અને કલ્પતરૂ વેલફેર ટ્રસ્ટના સંયુકત સહયોગથી ગાંધીનગર શહેર અને જીઆઈડીસી આજુબાજુમાં આવેલ ગામડાઓમાં જરૂરિયાત મંદોને ૮૦૦થી વધારે રાશન કીટનું વિતરણ કરવામાં આવેલ છે. આમ, આ રાશ કીટમાં સહાય કરનાર તમામનો ગેઝીયાના પ્રમુખશ્રી (ડો. સમીર ત્રિવેદી); ઉપ-પ્રમુખશ્રી (ચાણક્ય પટેલ); સેક્રેટરીશ્રી (નિતેશ પટેલ) તેમજ ગેજીયા પરિવાર સૌ સહયોગદાતાઓનો હૃદયપુર્વક આભારી છે.

## મહારાષ્ટ્રથી ગાંધીનગર આવેલા વધુ બે જમાતી સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૩

કોરાના ના કોહરામ વચ્ચે લોકડાઉનમાં મંજુરી વિના મહારાષ્ટ્રના ભુસાવળથી ચાલીને ગાંધીનગર ખાતે આવી પહોંચેલા બે નાગરીકો સામે પોલીસે ગુનો નોંધ્યો છે. સેકટર-૭ પોલીસના સ્ટાફ જવાનો પેટ્રોલીંગમાં હતા. ત્યારે સિવિલ કેમ્પસ પાસે બે નાગરીક ચાલતા જઈ રહ્યા હતા. જેથી પોલીસે તેમને રોકીને પુછપરછ કરતા તેઓએ મહારાષ્ટ્ર ખાતે તબલીગી જમાતની મરકજમાં ભાગ લેવા ગયા હોવાનું કહ્યું હતું અને ચાલતા ચાલતા ગાંધીનગર આવ્યા હોવાનું કહ્યું હતું. જેથી પોલીસે લોકડાઉન વચ્ચે આવવા અંગેની મંજુરી માગતા તેમની પાસે ન હતી. તેમજ તેઓ કોરોના ટેસ્ટ માટે સેન્ટર પર પણ ગયા ન હતા. જેથી પોલીસે કેશરખાન જાફરખાન બલોચ (ઉં.૨૩) અને ઉમર આદમભાઈ શેરસીયા (ઉં.૪૫) સામે મહામારી અધિનિયમ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૫૩ હજારથી વધુ આંગણવાડી બહેનો દ્વારા ૪૨.૫૦ લાખ બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને ટેક હોમ રેશન વિતરણ

### ‘મારો સમય મારું સર્જન’ દ્વારા વિવિધ સ્પર્ધાઓનુ આયોજન

ગાંધીનગર, તા.૨૩

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીથી બચવા રાજય સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા તા. ૧૬મી માર્ચ-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આંગણવાડીમાં શૈક્ષણિક કાર્યો મૌકૂફ રાખવાના કારણે બાળકોને દૈનિક પૂરક પોષણના ધોરણો મુજબ નિયત કરેલ માત્રામાં ગરમ નાસ્તાની અવેજીમાં ટેક હોમ રેશન આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને ઘરે પહોંચાડવામાં આવી રહ્યું છે. ૩ થી ૬ વર્ષના ૧૬.૦૮ લાખ બાળકો ૬ માસથી ૩ વર્ષના ૧૮.૯૩ લાખ બાળકો, ૩.૫૬ લાખ સગર્ભા અને ૩.૯૬ લાખ ધાત્રી માતાઓને ઘરે ઘરે જઈ કુલ ૪૨.૫૦ લાખ લાભાર્થીઓને ટેક હોમ રેશનનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે ‘હાઉસ ટુ હાઉસ’ આરોગ્ય તપાસણી અંગે સરવેની કામગીરીમાં પણ આ આંગણવાડી કાર્યકરોએ કામગીરી બજાવી છે.

લૉકડાઉનની પરિસ્થિતિમાં બાળકોને ઘરમાં પ્રવૃત્તિશીલ રાખવા સેટકોમ કાર્યક્રમ દ્વારા ‘ઉંબરે આંગણવાડી’ની નવીન પહેલ કરી છે આંગણવાડીના બાળકો લૉકડાઉનની પરિસ્થિતિમાં સુરક્ષિત રહી રમત-ગમત અને ચિત્રપોથીના કાર્યો દ્વારા ઉત્સાહપૂર્વક રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. રાજ્ય સરકાર તરફથી ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને રમત-ગમત ભાગ ૧-૨ તથા ચિત્રપોથી તેમના ઘરે આપવામાં આવી છે.

‘મારો સમય મારું સર્જન’ દ્વારા સ્પર્ધાનું આયોજન કરી ૩ થી ૬ વર્ષના બાળકો માટે ચિત્ર સ્પર્ધા, મારું પ્રિય પ્રાણી, મને ગમતું પક્ષી તથા બાળ ગીત સ્પર્ધા ૧૧ થી ૧૮ વર્ષની કિશોરી રંગોળી સ્પર્ધામાં જળ બચાવો, છોડમાં રણછોડ વિશે તથા લોકગીત, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે તોરણ અને ભરતકામ સ્પર્ધા, આંગણવાડી કાર્યકર અને તેડાગર માટે ગરબા, ગીત તથા મારી આંગણવાડી આદર્શ આંગણવાડી નિબંધ સ્પર્ધાનું આયોજન મહિલા અને બાળ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે. આ વિવિધ સ્પર્ધાઓ પૈકી અતિ સુંદર અભિવ્યક્તિ અને કૃતિનો ઉપયોગ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તેમના પ્રચાર-પ્રસાર અને બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન માટે કરવામાં આવશે.

## વેપારી સહિત આંટાફેરા મારતા ૮ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૩

લોકડાઉન વચ્ચે આલમપુર શાકમાર્કેટની સામેની બાજુએ ચા-નાસ્તાની ગલ્લો ખુલ્લો રાખીને બેઠેલા પ્રકાશ રતનજી સોલંકી (આલમપુર નાનોવાસ), ઈસનપુર મોટા ખાતે નાગણેશ્વરી કિરાણા સ્ટોર્સ નામની દુકાનમાં પાન, બીડી, ગુટખાનું વેચાણ કરતા ખુલાજી ચેહરાજી ઠાકોર અને રાંધેજા મારુતી એવન્યુ ફલેટની સામે પાન મસાલાનું પાર્લર ખોલીનો બેઠેલા નરેશબાઈ શકારબાઈ પટેલ સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે બીજીતરફ પોલીસે સેકટર-૨ ડી રીંગરોડથી ૧, ખ-૩ સર્કલ પાસેથી ૧, સેકટર-૨૪-૨૫ બસ સ્ટેન્ડ પાસેથી ૧, અને રાયપુર બસ સ્ટેન્ડ પાસેથી ૨ નાગરીકોને બિનજરુરી રીતે ફરતા પકડી પાડીને જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઘરમાં રહો, સુરક્ષિત રહો

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ

રાજ્યના ૬૮.૮૦ લાખ ગરીબ પરિવારોના

૩.૪૦ કરોડ લોકોને



ઘઉં અને ચોખાનું વિતરણ



NFSA (AAY+PHH) પરિવારોના હિતમાં કેન્દ્ર સરકારનું અભૂતપૂર્વ પગલું

તા.૨૫ થી ૨૯ એપ્રિલ દરમિયાન અંત્યોદય અન્ન યોજના (AAY)ના આશરે ૮ લાખથી વધુ કુટુંબો તેમજ અગ્રતા ધરાવતા (PHH)ના આશરે ૫૭.૩૩ લાખ કુટુંબોની મળીને કુલ ૩.૨૫ કરોડ જનસંખ્યા અને Non-NFSA BPL ૩.૪૦ લાખ કુટુંબોની ૧૫ લાખ જનસંખ્યાને વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં તથા ૧.૫ કિ.ગ્રા. ચોખા સહિત કુલ ૫ કિ.ગ્રા. અનાજનો વધારાનો જથ્થો વિતરણ કરાશે

- અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા. ૨૫ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમિયાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારિત રહેશે



| | |
|---|---|
| બુકલેટ નંબર : XXXXX XXXXX | APL-1 Card |
| રેશન કાર્ડ નં: | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં
છેલ્લા આંકડાનો નંબર ૧ અને ૨ હોય તેમને તા. ૨૫ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૩ અને ૪ હોય તેમને તા. ૨૬ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૫ અને ૬ હોય તેમને તા. ૨૭ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૭ અને ૮ હોય તેમને તા. ૨૮ એપ્રિલ
છેલ્લા આંકડાનો નંબર ૯ અને ૦ હોય તેમને તા. ૨૯ એપ્રિલે
અન્ન વિતરણ કરવામાં આવશે.

નિર્ધારિત તારીખોમાં જો કોઈ અનિવાર્ય કારણોસર રહી ગયું હશે તો તેઓ તા. ૩૦ એપ્રિલના રોજ અન્ન મેળવી શકશે

- સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય - સુચારુ રીતે અન્ન વિતરણ થાય તે સુનિશ્ચિત કરવા દુકાનદીઠ શિક્ષક, તલાટી કે ગ્રામસેવક, પોલીસ અને સ્થાનિક અગ્રણીની કમિટિ વ્યવસ્થા સંભાળશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત